આથી ઠરાવ કરવામાં આવે છે કે જૂનુ લીફટર ધણા સમયથી ઓઈલ સીલ્ડના કારણે બંધ હાલતમાં છે જેના લીધે શહેરની જુદી જુદી જગ્યાએ મુકેલ જૂના કન્ટેનરોમાં જમા થયેલ કચરાનો નિકાલ થઈ શકતો નથી જેના કારણે શહેરની જનતા તથા ચુંટાયેલ પ્રતિનિધીઓ ધ્વારા કરવામાં આવેલ ફરીયાદનો નિકાલ થઈ શકતો નથી જેથી ઘર્ષણ ઉભુ થાય છે. સદર કામના જાણકારને બતાવતા સીલ્ડ ઓઈલ ખંભાત, આણંદ તથા તારાપુરમાં મળી શકે તેમ નથી. આ સીલ્ડ ઓઈલ અમદાવાદથી મંગાવવુ પડે તેમ છે. જેનો એક નંગનો ભાવ રૂપિયા ૨૪૫૦/– છે. સદર બે નંગ મંગાવવાની જરૂરીયાત હોય તેની ખરીદી કરવા માટે આથી ઠરાવવામાં આવે છે. આ અંગે મે. પ્રમુખશ્રી, એકઝી. કમીટી ચેરમેનશ્રી અને ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી**
**સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**
**સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૦</u>
## <u>તારીખ : ૧૫–૦૯–૨૦૨૫</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે કમલેશભાઈ ઠાકોરભાઈ જાદવ ધ્વારા આપેલ રીપોર્ટ અન્વયે ગણપતિ વિસર્જનના દિવસે આવેલ પુજાપોને સુવ્યસ્થિત રીતે નિકાલની કામગીરી દરમિયાન ટેકટર ફસાઈ ગયેલ હોય તેને જેસીબી મદદ ધ્વારા કાઢવા જતા પાટીયું તૂટી ગયેલ હતુ અને **બીજુ ટેકટર** દરીયા પાસે આવેલ કુંડની આજુબાજુ મોટુ ક્રેન ઉભું રાખવા માટે પુરાણ કામગીરી દરમિયાન જેસીબી ધ્વારા રોડના મોટા ગચ્છા નાખતા પાટીયું તૂટી ગયેલ છે. સદર ટેકટરો આવશ્યક કામગીરીને લગતા હોય આ ટેકટરો તાત્કાલીક રીપેરીંગ કરવા જરૂરીયાત હોવાથી સદર કામના જાણકાર દેવાંશી ફેબરીકેશન, ખંભાત ને દેખાડતા તેમણે અંદાજે બંને ટેકટરોનો રૂપિયા ૬૮૦૦ ખર્ચ થાય તેમ જણાવેલ છે. સદર ટેકટરની કામગીરી દેવાંશી ફેબરીકેશન, ખંભાત પાસે કરાવી થતો ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી**
**સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**
**સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૧

## તારીખ : ૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ કર્મચારીઓ નિવૃત થયેલ છે, જેમા ગ્રેજયુઈટી અને હકકરજા બીલ ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલ નિયમો પ્રકરણ–૧૮ ના નિયમઃ–૧,૨ અને ૪ ના પેટા નિયમો મુજબ બનાવવા આવેલ છે.જે સાથે સામેલ મુજબનાં બીલો મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | જગદીશભાઈ ગુડાભાઈ હરીજન | હકકરજા | ૩,૬૯,૧૫૮.૦૦ |
| | જગદીશભાઈ ગુડાભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૫,૨૮,૪૧૩.૦૦ |
| ૨ | બુજનબેન શનાભાઈ હરીજન | હકકરજા | ૪,૩૧,૪૦૦.૦૦ |
| | બુજનબેન શનાભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૫,૬૦,૮૯૮.૦૦ |
| ૩ | રસીકભાઈ બાબુભાઈ હરીજન | હકકરજા | ૪,૩૧,૪૦૦.૦૦ |
| | રસીકભાઈ બાબુભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૫,૬૦,૮૯૮.૦૦ |
| ૪ | તુલસીભાઈ સોમાભાઈ હરીજન | હકકરજા | ૩,૯૫,૦૧૦.૦૦ |
| | તુલસીભાઈ સોમાભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૫,૭૦,૬૨૨.૦૦ |
| ૫ | બાબુભાઈ ચીમનભાઈ હરીજન | હકકરજા | ૪,૫૨,૪૦૦.૦૦ |
| | બાબુભાઈ ચીમનભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૬,૧૦,૬૩૨.૦૦ |
| | | કુલ | ૪૯,૧૦,૮૩૧.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ ગ્રેજયુઈટી બીલ તથા હકકરજા પગારના રૂા.૪૯,૧૦,૮૩૧/– અંકે ઓગણપચાસ લાખ દસ હજાર આઠ સો એકત્રીસ પુરાનો ખર્ચની ચુકવણી માટે મંજુર કરવામાં આવે છે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# <u>ખંભાત  નગરપાલિકા,ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૨</u>

## <u>તા.૧૫–૦૯–૨૦૨૫</u>

આજ રોજ તારીખ.૧૭–૦૮–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની ભલામણ ધ્યાને લેતા ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫,૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતો ની નામ ટ્રાન્સફર અંગેની નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ–૧ થી ૮૩ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગમાં આવેલ છે.જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને અરજદારો તરફથી સદર મિલકતોની સીટી સર્વે નકલ,સાત બારની નકલ સાથે હકક પત્રક–છ રજુ કરેથી નકલ આધારે નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૩

## તા.૧૫–૦૯–૨૦૨૫

**આથી ઠરાવ કરવામાં આવે છે કે ''વસુદેવ સાપ્તાહિક'' ૨૫ વર્ષમાં પ્રવેશ કરેલ છે. જે નિમિત્તે રજત સમારંભના સોવેર્નિયર અંકમાં શુભેચ્છા જાહેરાત નગરપાલિકાના પ્રમુખશ્રી તથા તમામ સદસ્યશ્રીઓ તરફથી આપવામાં આવેલ જેના બીલ નંબર.૯૨૯ તારીખ.૨૫/૦૬/૨૦૨૫ થી રૂા.૫,૧૦૦/– (અંક રૂપિયા પાંચ હજાર એકસો પુરા) નું બીલ આવેલ છે. જેમાં નગરપાલિકા તરફથી શુભેચ્છા જાહેરાત બીલના ખર્ચ ખાતે રૂા.૫,૧૦૦/– મંજુર કરવામાં આવે છે જેના નાણાં તેઓને ચુકવી આપવા મંજુર.**

**સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી**
**સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**
**સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૪

## તારીખ.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા હસ્તકના ચકડોળ ગ્રાઉન્ડમાં નવરાત્રિ ગરબાના આયોજન માટે હંગામી લાયસન્સ ફી(ભાડા) થી આપવા માટે સુ.જા.નં.૧૦૪૨ તા.૦૨–૦૯–૨૦૨૫ થી દૈનિક પેપર "નયા પડકાર" માં તારીખ.૦૩–૦૯–૨૦૨૫ થી જાહેરાત પ્રસિધ્ધ કરાવી આ અંગે હરાજી ડિપોઝીટ રૂા.૨૫,૦૦૦/– જમા કરાવી જાહેર હરાજી તા.૧૦–૦૯–૨૦૨૫ ને બપોરના ૧૨ કલાકે રાખેલ. જે વહીવટી કારણોસર સદર જાહેર હરાજી તા.૧૫–૦૯–૨૦૨૫ ને સોમવારના રોજ રાખવા સુ.જા.નં.૧૦૫૩ તા.૦૮–૦૯–૨૦૨૫ થી દૈનિક પેપર "નયા પડકાર" માં તા.૦૯–૦૯–૨૦૨૫ થી ટુંકી મુદતી જાહેર નિવિદા સુધારા જાહેરાત પ્રસિધ્ધ કરાવી ચકડોળ ગ્રાઉન્ડમાં નવરાત્રિ ગરબાના આયોજન માટે નીચે જણાવેલ શરતોને આધિન હંગામી લાયસન્સ ફી(ભાડા) થી આપવા તેમજ ઉપરોકત દૈનિક પેપર "નયા પડકાર" માં આપેલ જાહેરાતોનો ખર્ચ ચુકવવા મંજુર કરવામાં આવે છે.

## શરતો

| | |
|---|---|
| ૧) | નવરાત્રિ ગરબાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ હંગામી લાયસન્સ ફી થી રાખનાર ઈસમ ચકડોળ ગ્રાઉન્ડનો ઉપયોગ તા.૨૨–૦૯–૨૦૨૫ થી તા.૦૨–૧૦–૨૦૨૫ દરમ્યાન દિન–૧૧ (અગીયાર) માટે જ કરી શકશે તથા તા.૦૩–૧૦–૨૦૨૫ ના રોજ ચકડોળ ગ્રાઉન્ડનો પ્રત્યક્ષ અને લેખીત કબજો ખંભાત નગરપાલિકાને સુપ્રત કરી આપવાની અરજદારશ્રી ની જવાબદારી રહેશે. |
| ૨) | નવરાત્રિ ગરબાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડની હરાજીની અપસેટ કીંમત રૂા.૧૧,૦૦૦/– (અંકે રૂપિયા અગિયાર હજાર પુરા) રહેશે. તેમજ બોલીની રકમ ૫(પાંચ)ના ગુણાંકમાં બોલવાની રહેશે. |
| ૩) | નવરાત્રિ ગરબાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ હંગામી લાયસન્સ ફી થી રાખનાર ઈસમે દિવાળી મેળા માટે ચકડોળ ગ્રાઉન્ડ હંગામી લાયસન્સ ફી(ભાડા) થી રાખનાર ઈસમને જરૂરીયાત મુજબની જગ્યા ખાલી કરી આપવાની રહેશે. |
| ૪) | નગરપાલિકા હસ્તકના ચકડોળ ગ્રાઉન્ડમાં અરજદારશ્રી તરફથી ઉપરોકત સમયગાળા દરમ્યાન યોજાનાર નવરાત્રી ગરબા મહોત્સવમાં શહેરના કે શહેર બહારના તમામ નાગરીકો કે ખેલૈયાઓ પાસેથી કોઈપણ જાતના ભેદભાવ વગર વિનામુલ્યે પ્રવેશ આપવાનો રહેશે. નાગરીકો કે ખેલૈયાઓ પાસેથી આ અનુંસંધાને કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ ચાર્જ અરજદારશ્રી વસુલ કરી શકશે નહીં. |
| ૫) | જાહેર હરાજીમાં સૌથી ઉંચી બોલી બોલનારને ચકડોળ ગ્રાઉન્ડ ફાળવવું કે નહીં તેનો આખરી નિર્ણય પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટીનો રહેશે. જે સર્વેને બંધનકર્તા |
| ૬) | હરાજીમાં જે ઉંચી બોલીની રકમ મંજુર થાય તેની પુરેપુરી રકમ તુરંત જ ખંભાત નગરપાલિકામાં જમા કરવાની રહેશે. જે જમા કરાવવામાં ચુક થશે તો નવરાત્રિ ગરબાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ ફાળવણી રદ કરવામાં આવશે અને હરાજી માટે જમા કરાવેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ તે સંજોગોમાં સદર ચકડોળ ગ્રાઉન્ડ અન્યને ફાળવવા માટે રકમ નકકી કરવાનો કે ફાળવણી કરવાનો નિર્ણય પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટીનો રહેશે. |

| | |
|---|---|
| ૭) | નવરાત્રિમાં ગરબાની શરૂઆત પહેલા પ્રવર્તમાન સરકારી કાયદા મુજબ નકકી કરેલા જરૂરી પરવાના લાયસન્સ વિગેરે જે તે ઓથોરીટી પાસે મેળવી લેવાની જવાબદારી નવરાત્રિ ગરબાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ હંગામી લાયસન્સ ફી(ભાડા) થી રાખનાર ઈસમે આગોતરા મેળવી લેવાની રહેશે. |
| ૮) | સદરહુ ગ્રાઉન્ડ ઉપર પાણી, સેનીટેશન, જાહેર આરોગ્ય સલામતી સહીતની નાગરીક વ્યવસ્થાઓ અરજદારશ્રીએ કરવાની રહેશે. |
| ૯) | ચકડોળ ગ્રાઉન્ડ ખાતેની નગરપાલિકા હસ્તકની હદ મર્યાદા પુરતી જ જમીન અરજદારશ્રીએ સુચિત હેતુ માટે વાપરવાની રહેશે. |
| ૧૦) | ઉપરોકત સમયગાળા દરમ્યાન ચકડોળ ગ્રાઉન્ડમાં થનાર ગરબા મહોત્સવમાં આગ–અકસ્માત જાનહાની દુર્ઘટના કે અન્ય બનાવો અંગેની સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે. અરજદારશ્રીએ આવા બનાવો ન બને તેની પુરતી તકેદારી અને કાળજી અગાઉથી લેવાની રહેશે. |
| ૧૧) | ચકડોળ ગ્રાઉન્ડ આગળ ઉકત કાર્યક્રમ દરમ્યાન યોગ્ય પાર્કીગની વ્યવસ્થા અરજદારશ્રીએ કરવાની રહેશે. |
| ૧૨) | ચકડોળ ગ્રાઉન્ડ ઉપર કોઈપણ પ્રકારનું કાચુ પાકુ બાંધકામ નગરપાલિકાની પુર્વ મંજુરી વગર કરી શકાશે નહીં. |
| ૧૩) | ચકડોળ ગ્રાઉન્ડનો કબજો જે સ્થિતિમાં આપવામાં આવે તેજ સ્થિતિમાં અરજદારશ્રીએ નગરપાલિકાને સુપ્રત(પરત) કરવાનો રહેશે. |
| ૧૪) | આ બાબતે નામદાર અદાલતો કે કલેકટરશ્રી સમક્ષ ચાલતા કેસોમાં જે કાંઈ ચુકાદા/ હુકમો/ દીશા નિર્દેશો આવે તો તે અરજદારશ્રીને બંધન કર્તા રહેશે. |
| ૧૫) | આ સબંધે સરકારશ્રી તરફ થી કે નગરપાલિકા તરફથી જે કાંઈપણ હુકમો કે સુચનાઓ આપવામાં આવે તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે. |
| ૧૬) | ઉપરોકત શરતો ઉપરાંત અન્ય નવી શરતો પણ નગરપાલિકા મુકી શકશે જેનો અમલ કરવા અરજદારશ્રી બંધાયેલ રહેશે. |
| ૧૭) | વાદ વિવાદના પ્રસંગોમાં નગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે. |
| ૧૮) | આ અંગે અરજદારશ્રીએ રૂા.૫૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર આ હુકમ મળ્યા તારીખ થી લેખીતમાં કરારનામું કરી જવાનું રહેશે. |
| ૧૯) | ઉપરોકત શરતોના ભંગ બદલ આ હુકમ આપો આપ રદ થયેલ ગણાશે. |

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૫
## તારીખ.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવવામાં આવે છે કે ચકડોળ ગ્રાઉન્ડ સામે ખુલ્લી જગ્યા આવેલ છે તે જગ્યામાં દિવાળી તહેવારમાં હંગામી ધોરણે દારૂખાનું વેચવાનો ધંધો કરવા માટે નીચે જણાવેલ ૦૩ અરજદારશ્રીઓએ હંગામી ધોરણે તારીખ.૧૦–૧૦–૨૦૨૫ થી તારીખ.૨૬–૧૦–૨૦૨૫ સુધી દિન–૧૭ (સત્તર) માટે જગ્યા સાથે લાયસન્સ ફી થી હંગામી ધોરણે નીચે જણાવેલ અરજદારશ્રીઓને નીચેની શરતોને આધીન એન.ઓ.સી.આપવા મંજુર કરવામાં આવે છે.

| અ.ન. | અરજી નં./તા. | અરજદારશ્રીનું નામ | ધંધાનું સ્થળ | સરનામું |
|---|---|---|---|---|
| (૧) | ૧૮૭૯<br>૧૦–૦૯–૨૫ | આગા આરીફ આગાતકી આગા | ચકડોળ ગ્રાઉન્ડ સામે | દડીબા, ખંભાત |
| (૨) | ૧૮૮૦<br>૧૦–૦૯–૨૫ | જગદીશભાઈ વિઠલભાઈ ડબગર | ચકડોળ ગ્રાઉન્ડ સામે | મોચીવાડ, ખંભાત |
| (૩) | ૧૮૮૦<br>૧૦–૦૯–૨૫ | મહંમદહુસેન સિંકદરઅલી આગા | ચકડોળ ગ્રાઉન્ડ સામે | બાંદરાબુરજ, ખંભાત |

**શરતો**

(૧) ફાયર સેફટીના તમામ સાધનો દારૂખાના વેચાણ સ્થળે ઉપલબ્ધ રાખવાની શરતે દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૨) દારૂખાનું વેચવા બાબતે સરકારશ્રીના અધિકારીશ્રીની અગાઉથી તમામ મંજુરી લેવાની રહેશે.

(૩) દારૂખાનું વેચવા માટે નિયમ મુજબ પરવાના તથા ખુલ્લી જગામાં પતરાની દુકાનનું લાઈટ ખર્ચ વિગેરે અરજદારશ્રીએ ભરવાના રહેશે.

(૪) સરકારશ્રીના આપેલ પરવાના નિયમો ચુસ્ત પાળવાના રહેશે.

(૫) હંગામી ધોરણે તારીખ.૧૦–૧૦–૨૦૨૫ થી તારીખ.૨૬–૧૦–૨૦૨૫ સુધી દરેક અરજદારશ્રીએ ઉચ્ચક રૂપીયા.૭,૦૦૦/– અંકે રૂપીયા સાત હજાર પુરા લાયસંસ ફી ભરવાની રહેશે અને સદર રકમ ઉપર સરકારશ્રીનો ટેક્ષ / જીએસટી અલગથી ભરવાનો રહેશે હંગામી દુકાનની સાઈઝ ૮ × ૮ ફુટની બનાવવાની રહેશે.

(૬) આગ અકસ્માતની સંપુર્ણ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૭) અ.ન.૪ માં જણાવ્યા મુજબની રકમ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ એન.ઓ.સી. આપવામાં આવશે તથા બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ.સી. આપવી.

(૮) એન.ઓ.સી. મેળવવા માટે ફી રૂપીયા.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવવાના રહેશે.

(૯) મુદત પુર્ણ  થયા બાદ જે સ્થિતિમાં જગ્યા ફાળવેલ હોય તે સ્થિતિમાં પરત આપવાની રહેશે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૬
## તારીખ.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ ૭–અરજદારોએ ખંભાત શહેરમાં નીચેના સ્થળ ઉપર દિવાળી તહેવાર દરમ્યાન હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી.મેળવવા નગરપાલિકામાં અરજીઓ આવેલ છે.

| અ.નં. | દારૂખાનું વેચનાર અરજદારનું નામ | દારૂખાના વેચાણ કરવાનું સ્થળ | અરજી નંબર તારીખ. |
|---|---|---|---|
| (૧) | શ્રી સ્વામીનારાયણ મંદીર, નાના કલોદરા વ.ક.રજનીકાંત બી.પટેલ | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૭૬૩<br>૨૬-૦૮-૨૦૨૫ |
| (૨) | વિકાસકુમાર વિનોદચંદ્ર ડબગર | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૮૨૮<br>૦૨-૦૯-૨૦૨૫ |
| (૩) | કૃણાલકુમાર પરસોત્તમભાઈ રાણા મોચીવાડ, ખંભાત | દેનાબેંક તથા ગ્રીન હોટલ નીચે શોપીંગ સેન્ટર, F1125/25/26, ગવારા ટાવર પાસે, ખંભાત | ૧૮૨૯<br>૦૨-૦૯-૨૦૨૫ |
| (૪) | કલ્પેશકુમાર અરવિંદભાઈ ડબગર | શ્રી ખંભાત સમસ્ત લેઉવા પાટીદાર જ્ઞાત, પટેલ ભુવન, ગવારા રોડ, ખંભાત | ૧૮૩૦<br>૦૨-૦૯-૨૦૨૫ |
| (૫) | ગોપીનાથ ગૃપ ફટાકડા સેન્ટર પટેલ અલ્પેશકુમાર મનહરલાલ | સ્વામિનારાયણ વાડી, પ્રેસ રોડ, ખંભાત | ૧૮૭૪<br>૧૦-૦૯-૨૦૨૫ |
| (૬) | આગાતકી આગાફઝલ આગા | વ્હોરવાડ નાકા, શ્રીકૃષ્ણ સ્વીટની સામે, ખંભાત | ૧૮૮૨<br>૧૦-૦૯-૨૦૨૫ |
| (૭) | મુકુન્દ આશ્રમ ટ્રસ્ટ ભા.કંચનલાલ નાનાલાલ રાણા | ગવારા ટાવર સામે, મિલ્કત નં.F1124/08 | ૧૮૭૭<br>૧૦-૦૯-૨૦૨૫ |

ઉપરોકત જણાવેલ અરજદારો ને ઉપર જણાવેલ સ્થળોએ દારૂખાના વેચાણ માટે નીચે જણાવેલ શરતોને આધીન એન.ઓ.સી. આપવા ઠરાવવામાં આવે છે.

(૧) ઉપરોકત તમામ અરજદારોના નગરપાલિકાના બાકી લેણાં વસુલ લીધા બાદ દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી.આપવામાં આવશે.

(૨) ફાયર સેફટીના તમામ સાધનો દારૂખાના વેચાણ સ્થળે ઉપલબ્ધ રાખવાની શરતે દારૂખાનું વેચવા માટે હંગામી ધોરણે એન.ઓ.સી.આપવામાં આવશે.

(૪) સદર એન.ઓ.સી.તારીખ.૧૦–૧૦–૨૦૨૫ થી તારીખ.૨૬–૧૦–૨૦૨૫ સુધી આપવામાં આવે છે.

(૫) અરજદારશ્રી એ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, આણંદ તથા સરકારશ્રીના દારૂખાના વેચાણ કરવાની તમામ શરતો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તથા એમ.જી.વી.સી.એલ.ના વીજ જોડાણના નિયમો પાળવાના રહેશે.

(૫) આગ અકસ્માતની તમામ જવાબદારી જે તે અરજદારશ્રીઓની રહેશે. નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૬) સદર એન.ઓ.સી. મેળવવા નગરપાલિકામાં રૂ.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા જમા કરાવેથી એન.ઓ.સી. આપવામાં આવશે.

(૭) ઉપરોકત અરજદારો સિવાય બીજા અરજદારોની અરજી આવેથી તેઓને પણ નિયમ મુજબ એન.ઓ. સી. આપવી.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૭</u>
## <u>તા.૧૫–૦૯–૨૦૨૫</u>

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત રીપોર્ટ અને ચીફ ઓફિસરશ્રીની ભલામણ વંચાણે લેતા ખંભાત નગરપાલિકાના જુદા–જુદા શોપીંગ સેન્ટરોની દુકાનમાં લાયસન્સદારોનું દુકાનમાં લાયસન્સદારોનું નામ ટ્રાન્સફર કરવાની નીચે જણાવેલ અરજી નંબર.૦૧ થી અરજી નંબર.૦૨ સુધી અરજીઓ નીચે જણાવેલ કોલમ નંબર.૦૨ મુજબ આવેલ છે. જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૩૦ / તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર.૫૩ / તારીખ.૩૧–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ સદર દુકાનોમાં ભરવાની થતી ટ્રાન્સફર ફી કોલમ નંબર.૧૦ મુજબ ભરવા તથા હાલની માસિક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ ટકા) પ્રમાણે થતો વધારો કોલમ નંબર.૦૯ મુજબ ભરવાની શરતોને આધિન નીચે જણાવેલ કોલમ નંબર.૦૮ મુજબ દુકાનના લાયસન્સદારોનું નામ નીચેની શરતોને આધિન દુકાનમાં લાયસન્સદારોનું નામ ટ્રાન્સફર કરવા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | અરજી નંબર તારીખ | દુકાન નંબર | મ્યુનિ.બ્લોક નંબર | શોપીંગ સેન્ટરનું નામ | હાલના લાયસન્સદારનું નામ | દુકાનની હાલની માસિક લાયસન્સ ફી | દુકાન ટ્રાન્સફર બાદ નવા લાયસન્સદારનું નામ | દુકાન ટ્રાન્સફર થયા બાદ નવી માસિક લાયસન્સ ફી | દુકાનની નામ ટ્રાન્સફર ફી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [1] | [2] | [3] | [4] | [5] | [6] | [7] | [8] | [9] | [10] |
| 1 | 1330 16-07-25 | 04 | TA0001 | ચીતારી બજાર | મોહંમદ ઈસ્તીયાક લાલમીયા શેખ | 1,465.00 | મોહંમદ તલ્હા મોહંમદ રફીક મેમણ | 1,831.00 | 50,000.00 |
| 2 | 1889 12-09-25 | 48 | CH0074/F48 | સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ ફસ્ટ ફ્લોર | અશોકભાઈ રતીલાલ મહિડા | 366.00 | દિક્ષિતા ધવલકુમાર શાહ | 458.00 | 25,000.00 |

### <u>શ ર તો</u>

૧ સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

૨ સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

૩ સદર દુકાનોની માસીક લાયસન્સ ફી કોલમ નંબર.૦૯ માં જણાવ્યા મુજબની નકકી કરવામાં આવેલ છે.

૪ માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

૫ સદર દુકાનો ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડુઆતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

૬ સદર દુકાનો રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે.

૭ સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

૮ સદર દુકાનો હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

૯ સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

૧૦ ઉપરોકત અ.નં.૦૧ થી ૦૨ પૈકી અનું નં.૦૨ હરાજી અથવા ટ્રાન્સફરથી દુકાન રાખનાર ઈસમે જે પ્રિમીયમની રકમથી રાખેલ હશે અને તે દુકાન અન્યને ટ્રાન્સફર કરે ત્યારે જે રકમમાં જે તે વખતે રાખેલ હશે તેના કરતાં વધુ રકમની જે કોઈપણ ઉપજશે તેના ૨૫% રકમ નગરપાલિકામાં જમા કરાવેથી ટ્રાન્સફરની કાર્યવાહી થઈ શકશે એટલે કે જે રકમ નગરપાલિકામાં જમા કરાવીને દુકાન મેળવેલ હશે તે રકમ કરતાં વધારાની રકમ જે કોઈપણ ઉપજ થાય તે અંગે નગરપાલિકાને અગાઉથી લેખીતમાં રકમ સાથે જાણ કરવાની રહેશે તે રકમ જો ઓછી બતાવવામાં આવે તો દર્શાવેલ રકમ તથા હરાજીમાં લીધેલ રકમ આમ બંને ભેગી કરતાં જે રકમ થાય તે રકમ નગરપાલિકા જે તે ઈસમને પરત આપવા નિર્ણય લેતો જે તે દુકાન ધારકે તે રકમ લઈ નગરપાલિકાને દુકાન પરત આપવાની રહેશે અન્યને આપી શકશે નહી કે ટ્રાન્સફર થઈ શકશે નહી જે તે દુકાન નગરપાલિકાને પરત કરવાની રહેશે જો તેમ કરવાનુ નગરપાલિકા સુચવે અથવા જે તે દર્શાવેલ રકમ યોગ્ય અને સાચી દર્શાવેલી જણાશે તો ઉપર જણાવ્યા મુજબ વધારાની રકમના ૨૫% રકમ નગરપાલિકામાં ભરવા આદેશ કરે અને તે રકમો ભરપાઈ થયા બાદ ટ્રાન્સફરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧૧ લાયન્સદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે ભોગવવાનો રહેશે.

૧૨ લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

૧૩ હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

૧૪ દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

૧૫ દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

૧૬ સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

૧૭ લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

૧૮ ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

૧૯ આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

૨૦ નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો–વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસદારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

૨૧ દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

૨૨ દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

૨૩ નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

૨૪ નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧ તારીખ.૧૯–૦૧–૨૦૧૬ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

૨૫ સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

૨૬ સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

૨૭ સદરહુ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

૨૮ કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

૨૯ આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

૩૦ ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફવાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફવાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફવાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટીએ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ

**<u>ખંભાત નગરપાલિકા, ખંભાત.</u>**

**<u>એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૮</u>**

**<u>તારીખ.૧૫–૦૯–૨૦૨૫</u>**

**આગળનો રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ફાયરવિભાગમાં પાણીનાં ટેન્કરોમાં ઉપયોગમાં આવતું ટ્રેકટર નંબર.GJ-23-GA-0398 માં પાછળના ધડામાં જે વેલ્ડીંગ કામ કરેલ જે તૂટી ગયેલ હોવાથી ફરીવાર વેલ્ડીંગ કામ કરવાની જરૂર હોવાથી ટ્રેકટર ડ્રાઈવરે તારીખ.તારીખ.૧૨–૦૯–૨૫ના રોજ રીપેરીગ કરવા શાંતિભાઈ ચુનીલાલ પટેલ વેલ્ડીંગવાળાને બતાવેલ તેમને ચેક કરી પાછળના ધડો તૂટી ગયેલ તેમાં પ્લેટ તથા પીનો નાખીને વેલ્ડીંગ કામ કરવાનાં ૩૫૦૦/રૂ.કિમંતેથી રીપેરીંગ કામ કરવાનો એસ્ટીમેન્ટ આપેલ જે તાકીદે રીપેરીંગ કામ કરાવવાની જરૂર હોવાથી શાંતિભાઈ ચુનીલાલ પટેલ વેલ્ડીંગવાળા પાસે રીપેરીંગ કામ કરાવેલ જે મંજુર રાખવામાં આવે છે. તથા તેમાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવા આવે છે.**

**સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી**
**સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૯**

**તારીખ.૧૫–૦૯–૨૦૨૫**

આગળનો રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ફાયરવિભાગમાં પાણીનાં ટેન્કરોમાં ઉપયોગમાં આવતું ટ્રેકટર નંબર.GJ-23-GA-0398 માં વારંવાર બંધ થતું હોવાથી ટ્રેકટર ડ્રાઈવરે તારીખ.૧૩–૦૯–૨૫ના રોજ રીપેરીગ કરવા રીપોર્ટ આપેલ ને તે કર્મચારીએ કલ્પેશકુમાર બી.પંચાલને ત્યા રીપેરીંગ કરવા નો એસ્ટીમેન્ટ લાવેલ જે નીચે જણાવેલ છે.

| અં.નં. | માલ સામન વિગત | ભાવ | જથ્થો | રકમ |
|---|---|---|---|---|
| (૧) | મેસી ૭૨૫૦માં ૧૦લીટર એન્જીન ઓઈલ | ૩૦૬૦–૦૦ | ૧૦ લીટર | ૩૦૬૦–૦૦ |
| (૨) | મેસી ૭૨૫૦ મોડલનાં ડીઝલ ફીલ્ટર | ૨૮૦–૦૦ | ૧નંગ | ૨૮૦–૦૦ |
| (૩) | મેસી ૭૨૫૦ મોડલનાં ઓઈલ ફીલ્ટર | ૨૬૦–૦૦ | ૧નંગ | ૨૬૦–૦૦ |
| (૪) | ઓઈલ બદલી સર્વિસ મજુરીનાં | ૪૦૦–૦૦ | ––– | ૪૦૦–૦૦ |
| | માલ સામાન તથા મજુરીનાં કુલ | | | ૪૦૦૦–૦૦ |

ઉપર જણાવેલ ફાયરવિભાગનું પાણીનાં ટ્રેકટર વારંવાર બંધ થતું હોય જે ફાયરવિભાગના ડ્રાઈવરે કલ્પેશકુમાર બી. પંચાલ પાસે રીપેરીંગમાં મુકેલ તેમને ટ્રેકટર રીપેરીંગ કરવાનો ૪૦૦૦/રૂ. એસ્ટીમેન્ટ આપેલ જે આપેલ એસ્ટીમેન્ટથી ફાયરવિભાગ નું ટ્રેકટર કલ્પેશકુમાર બી. પંચાલ પાસે રીપેરીંગ કરાવવા મંજુર કરવામાં આવે છે. તથા તેમાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવા આવે છે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય

# ખંભાત નગરપાલિકા ,ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૦
## તારીખ.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવ કરવામાં આવે છે કે તા.૧૮–૧૦–૨૦૨૫ ને શનિવારે ધનતેરસના રોજ ખંભાત નગરપાલિકામાં ચોપડા પુજન, લક્ષ્મીપુજન તથા શ્રી સત્યનારાયણ કથાનું આયોજન કરવા માટે તથા નગરપાલિકાના તમામ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને પ્રતિવર્ષ જે રીતે મીઠાઈ વહેંચવામાં આવે છે. તે રીતે તેનું પણ આયોજન કરી તમામ કર્મચારીઓને મીઠાઈ આપવી અને તે અંગે જરૂરી અંદાજીત ખર્ચ રૂપિયા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા કરવા ઠરાવવામાં આવે છે અને આ અંગેની આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૧

## તારીખ.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવ કરવામાં આવે છે કે વર્ષ : ૨૦૨૫–૨૬ દિવાળી તથા નૂતનવર્ષના તહેવાર પ્રસંગે ખંભાતના નગરજનોને દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતી જાહેરાત આપવા તેઓના આવેલ વિનંતી પત્રોને ધ્યાને લેતા નામની સામે દર્શાવેલ રકમની મર્યાદામાં આપવા મંજુર કરવામાં આવે છે તથા જાહેરાત સાથે સ્વચ્છતા રાખવા, મેલેરીયા રોગ–ડેગ્યુ થી બચવા અંગે, નિયમિત ટેક્ષ ભરો વિગેરેની જાહેર જનતાને જાણ અર્થે છપાવવા મંજુર.

| અ.નં. | સમાચાર પત્ર / ન્યુઝ ચેનલનું નામ | મંજૂર કરવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | માતૃભૂમિ સાપ્તાહિક | ૧,૧૦૦.૦૦ |
| ૨ | સંયોગ સાપ્તાહિક | ૨,૫૦૦.૦૦ |
| ૩ | આજકા પ્રતિબંધ સાપ્તાહિક | ૨,૫૦૦.૦૦ |
| ૪ | જાગૃતિ સાપ્તાહિક | ૫,૦૦૦.૦૦ |
| ૫ | સંદેશ દૈનિક | ૫,૦૦૦.૦૦ |
| ૬ | નવગુજરાત સમય દૈનિક | ૫,૦૦૦.૦૦ |
| ૭ | ગુજરાત સમાચાર દૈનિક | ૫,૦૦૦.૦૦ |
| ૮ | દિવ્ય ભાસ્કર દૈનિક | ૫,૦૦૦.૦૦ |
| ૯ | દિવ્ય સમાચાર દૈનિક | ૫,૦૦૦.૦૦ |
| ૧૦ | ટી.વી. ૨૪ ભારત ન્યુઝ ચેનલ | ૨,૫૦૦.૦૦ |
| ૧૧ | નયા પડકાર | ૫,૦૦૦.૦૦ |
| ૧૨ | સરદાર ગુર્જરી | ૫,૦૦૦.૦૦ |
| ૧૩ | આજ કાલ | ૩,૦૦૦.૦૦ |
| ૧૪ | બુલેટીન ઈન્ડીયા | ૧,૧૦૦.૦૦ |
| ૧૫ | ક્રાઈમ ન્યુઝ | ૧,૧૦૦.૦૦ |
| ૧૬ | ન્યુઝ કલીક ગુજરાત | ૧,૧૦૦.૦૦ |
| ૧૭ | દિવ્ય ભાસ્કર – દિપાવલી તથા નૂતનવર્ષ વિશેષાંક–૨૦૨૫ | ૧,૧૦૦.૦૦ |
| ૧૮ | નેશન પ્લસ ન્યુઝ ચેનલ | ૨,૫૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૯ | વી.આર. લાઈવ ન્યુઝ ચેનલ | ૨,૫૦૦.૦૦ |
| ૨૦ | દિવ્ય પરિવર્તન ગુજરાતી માસિક મેગેઝિન | ૧,૧૦૦.૦૦ |
| ૨૧ | બાત ભારત કી મીડિયા ચેનલ | ૧,૧૦૦.૦૦ |
| ૨૨ | સંયોગ ડિઝીટલ ન્યુઝ | ૧,૧૦૦.૦૦ |
| ૨૩ | બી. ઈન્ડિયા ન્યુઝ ચેનલ | ૧,૧૦૦.૦૦ |
| ૨૪ | ઈન્ડિયા ૨૪ ન્યુઝ મીડિયા ટેલીવીઝન નેટવર્ક પ્રા. લી. | ૧,૧૦૦.૦૦ |
| ૨૫ | ન્યુઝ ૧૮ ગુજરાતી ચેનલ | ૫,૦૦૦.૦૦ |

સદર બાબતે આગળ ની કાર્યવાહી કરવા ચીફ ઓફીસર ને અધિકૃત કરવામાં આવે છે અને તેઓનું બીલ આવેથી બીલની ચુકવણી કરવા મંજુર.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા ,ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૨
# તારીખ.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવ કરવામાં આવે છે કે વકીલશ્રી રમણલાલ એચ. ઠકકર ના નીચે જણાવેલ કોર્ટ કેસોની વકીલાત ફી ના બીલોની રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ નં. | બીલ નંબર / તારીખ | કેસની વિગત | બીલની રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૦૯–૦૧–૨૦૨૪ | રેગ્યુલર સિવિલ અપીલ નં. ૧/૨૦૨૦ | ૩૫૦૦૦ | ૫૦૦૦૦ |
| | | સિ.પ્રા.અ. નં. ૨૦૦/૨૦૧૮ | ૭૫૦૦ | |
| | | સિ.પ્રા.અ. નં. ૨૦/૨૦૨૨ | ૭૫૦૦ | |
| ૨ | ૩૦–૧૨–૨૦૨૪ | તકરારી કેસ નં. ૮૧/૨૦૨૪ | ૨૧૦૦૦ | ૨૧૦૦૦ |
| ૩ | ૩૦–૧૨–૨૦૨૪ | ચકડોળ ગ્રાઉન્ડ અશાંતધારાની વાંધા અરજી | ૫૧૦૦ | ૫૧૦૦ |
| | | | **કુલ રકમ રૂા.** | ૭૬૧૦૦ |

**સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી**
**સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**
**સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧૩

## તા.૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવ કરવામાં આવે છે કે ૧૫મું નાણાપંચ (૨૦૨૦/૨૧) અનટાઈડ ગ્રાન્ટ હેઠળ ગુજ.મ્યુનિ.ફાઈ.બોર્ડના પત્ર ક્રમાંક : મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/બીજો હપ્તો(અનટાઈડ)/૨૦૨૧–૨૨/ ૧૧૬૧૮ તા.૧૭/૦૮/૨૦૨૧ હેઠળ રૂા.૭૮,૬૨,૧૩૬/– ગ્રાન્ટની ફાળવણી થયેલ જેમાંથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૭ / તારીખ.૧૨–૦૧–૨૦૨૪ થી કુલ ૩–કામો નકકી કરવામાં આવેલ જે પૈકી કામ નં.૩ હેઠળ ''ખંભાત નગરપાલિકા જુદા–જુદા વિસ્તાર માટે એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટ ખરીદવાની કામગીરી (નંગ–૩૦૦) ૭,૪૦,૦૦૦/– મુજબની કામગીરી કરવા ઠરાવવામાં આવેલ. સદર ફાળવેલ રકમ હેઠળ ખરીદી બાદ હાલ રૂા.૨,૪૦,૦૦૦/– ની રકમ બચત રહેતી હોઈ જે રકમ પૈકી નીચે મુજબના કામો કરવા ઠરાવવામાં આવે છે.

| નં | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ખંભાત નગરપાલિકા ગાર્ડન વિભાગમાં ટ્રીકટર મશીન ખરીદી (નંગ–૦૨) | ૮૦,૦૦૦.૦૦ |
| ૨ | ખંભાત નગરપાલિકા ખાતે ડી–વોટરીંગ પંમ્પસેટ ખરીદી (નંગ–૦૨) | ૮૦,૦૦૦.૦૦ |
| | | ૧,૬૦,૦૦૦.૦૦ |

ઉપરોકત ઠરાવવામાં આવેલ કામગીરી તથા સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને ગુજરાત મ્યુની. ફાઈ.બોર્ડની સુચનાઓ શરતો વિગતોનું પાલન કરશે તથા ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડ તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓમાંથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧૪

## તારીખ : ૧૫–૦૯–૨૦૨૫

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકામાં ઉચ્ચક ફીકસ પગારથી તથા રોંજદારી દરથી કામ કરતાં કર્મચારીઓનો એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૯ / તારીખ.૧૪–૦૭–૨૦૨૫ થી મંજુર થયા મુજબ તારીખ.૦૧–૦૮–૨૦૨૫ થી તારીખ.૩૧–૧૦–૨૦૨૫ સુધી ત્રણ માસ માટે ખંભાત નગરપાલિકામાં ઉચ્ચક ફીકસ પગારથી તથા રોંજદારી દરથી કામ કરતાં નીચે જણાવેલ કર્મચારીઓનો નોકરી પર રાખવા ઠરાવ થયેલ છે જેની મુદ્દત તારીખ.૩૧–૧૦–૨૦૨૫ ના રોજ પુર્ણ થતી હોવાથી ફરી તારીખ.૦૧–૧૧–૨૦૨૫ થી બીજો ઠરાવ ના થાય ત્યાં સુધી નીચેના કર્મચારીઓને ઉચ્ચક ફીકસ પગારથી તથા રોંજદારી દરથી ફરજ પર રાખવા મંજુર કરવામાં આવે છે. અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

### ઓફિસ વિભાગ

| અ.નં. | કર્મચારીનું નામ | નવો માસિક ઉચ્ચક ફિકસ પગાર |
|---|---|---|
| ૧ | શ્રી રવિકુમાર અમૃતલાલ રાણા (એકાઉન્ટ ખાતુ, મહેકમ કલાર્ક) | રૂા.૨૫,૦૦૦/– |
| ૨ | શ્રી મીતેષ જશવંતભાઈ જોષી (એકાઉન્ટ ખાતુ) | રૂા.૨૩,૦૦૦/– |
| ૩ | શ્રી કમલેશભાઈ મફતભાઈ રબારી (ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ) | રૂા.૨૫,૦૦૦/– |
| ૪ | રાકેશકુમાર રમણલાલ રાણા (કમીટી કલાર્ક, લાઈટ વિભાગ) | રૂા.૨૫,૦૦૦/– |
| ૫ | શ્રી ખુશ્બુબેન ભરતભાઈ ખલાસી (ધર્મશાળા) | રૂા.૨૩,૦૦૦/– |
| ૬ | શ્રી જીજ્ઞેશકુમાર ત્રીભોવનદાસ પુરાણી (ભાડા કલાર્ક, મેલેરીયા કલાર્ક, આર.ટી.આઈ) | રૂા.૨૩,૦૦૦/– |
| ૭ | શ્રી નીપાબેન નરેન્દ્રકુમાર આચાર્ય (સેનીટેશન કલાર્ક) | રૂા.૨૩,૦૦૦/– |
| ૮ | શ્રી જયશ્રીબેન રાકેશકુમાર રાણા (જન્મ–મરણ કલાર્ક) | રૂા.૨૩,૦૦૦/– |
| ૯ | શ્રી કિશ્નાભાઈ ધનશ્યામભાઈ ખારવા (જન્મ–મરણ વિભાગ) | રૂા.૧૦,૦૦૦/– |
| ૧૦ | શ્રી વાલ્મિક ગણપતકુમાર ગભરૂભાઈ (જન્મ–મરણ વિભાગ) | રૂા.૧૦,૦૦૦/– |
| ૧૧ | શ્રી જયદીપસિંહ જશુભાઈ ગઢવી (ટેક્ષ વિભાગ) | રૂા.૧૦,૦૦૦/– |
| ૧૨ | શ્રી ભગવતીબેન રાકેશકુમાર સોલંકી (ઓફિસ કેસ) | રૂા.૧૦,૦૦૦/– |
| ૧૩ | હર્ષલકુમાર બળદેવભાઈ ખલાસી (સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ) | રૂા.૧૦,૦૦૦/– |

### બાંધકામ વિભાગ

| અ.નં. | કર્મચારીનું નામ | નવો માસિક ઉચ્ચક ફિકસ પગાર |
|---|---|---|
| ૧ | શ્રી પ્રકાશભાઈ જયંતીભાઈ ચુનારા (સ્ટોર વિભાગ, ઈન્ટરનલ ઓડીટર) | રૂા.૨૫,૦૦૦/– |
| ૨ | શ્રી સોમપુરા મૃગેનકુમાર પ્રકાશચંદ્ર (બાંધકામ ખાતુ) | રૂા.૨૫,૦૦૦/– |
| ૩ | શ્રી હર્ષ જયંતીલાલ સોની (બાંધકામ ખાતુ) | રૂા.૧૪,૫૦૦/– |
| ૪ | શ્રી રાજુભાઈ જીલુભાઈ પરમાર (જે.સી.બી ડ્રાઈવર) | રૂા.૧૬,૦૦૦/– |

### સેનીટેશન વિભાગ

| અ.નં. | કર્મચારીનું નામ | નવો માસિક ઉચ્ચક ફિકસ પગાર |
|---|---|---|
| ૧ | શ્રી સોલંકી રાકેશકુમાર મગનભાઈ (સેનીટેશન વિભાગ) | રૂા.૨૫,૦૦૦/– |
| ૨ | શ્રી બાબુભાઈ મંગળભાઈ હરીજન (સેનીટેશન વિભાગ) | રૂા.૧૦,૦૦૦/– |
| ૩ | શ્રી રસીકભાઈ કનુભાઈ હરીજન (સેનીટેશન વિભાગ) | રૂા.૧૦,૦૦૦/– |

| | | |
|---|---|---|
| ૪ | શ્રી આનંદભાઈ વસંતભાઈ જાદવ (સેનીટેશન વિભાગ) | રૂ.૧૦,૦૦૦/– |
| ૫ | શ્રી જય કૌશીકકુમાર પરીખ (સેનીટેશન વિભાગ) | રોજના રૂપીયા. ૪૦૦/– પ્રમાણે |
| ૬ | શ્રી ધર્મિન ભાવિનભાઈ મહેતા (સેનીટેશન વિભાગ) | રોજના રૂપીયા. ૪૦૦/– પ્રમાણે |
| ૭ | શ્રી રાકેશકુમાર ઠાકોરભાઈ બારૈયા (ફાયર વિભાગ) | રોજના રૂપીયા. ૪૦૦/– પ્રમાણે |
| ૮ | શ્રી બરકતઅલી હસનઅલી સૈયદ (ફાયર વિભાગ) | રૂ.૨૩,૦૦૦/– |
| ૯ | શ્રી વિમલગીરી રમણગીરી ગોસાઈ (ફાયર વિભાગ) | રૂ.૨૩,૦૦૦/– |
| ૧૦ | શ્રી ભરતભાઈ વાલુભાઈ રબારી (ફાયર વિભાગ) | રૂ.૧૨,૦૦૦/– |
| ૧૧ | શ્રી અંકીત કનુભાઈ રબારી (ફાયર વિભાગ) | રોજના રૂપીયા. ૪૦૦/– પ્રમાણે |
| ૧૨ | શ્રી મોસીનઅલી ઈર્ષાદઅલી સૈયદ (ફાયર વિભાગ) | રોજના રૂપીયા. ૪૦૦/– પ્રમાણે |

**વોટર વર્કસ વિભાગ**

| અ.નં. | કર્મચારીનું નામ | નવો માસિક ઉચ્ચક ફિક્સ પગાર |
|---|---|---|
| ૧ | રઈજીભાઈ શંકરભાઈ ગોહેલ (ચોખંડી) | રૂ.૧૨,૦૦૦/– ૨૪ કલાક |
| ૨ | દેવજીભાઈ જેસીગભાઈ સોલંકી (પંડયા) | રૂ.૧૨,૦૦૦/– ૨૪ કલાક |
| ૩ | હર્ષદભાઈ અંબાલાલ મકવાણા (કનેવાલ) | રૂ.૧૨,૦૦૦/– ૨૪ કલાક |
| ૪ | સાજીદખાન ફીરોજખાન પઠાણ | રૂ.૨૫,૦૦૦/– |
| ૫ | પઢીયાર રણજીતસીંહ અમરસીંહ | રૂ.૨૫,૦૦૦/– |
| ૬ | નરેશભાઈ હરજીભાઈ રબારી | રૂ.૨૫,૦૦૦/– |
| ૭ | ભાવેશ ગોવિંદભાઈ રબારી | રૂ.૨૫,૦૦૦/– |
| ૮ | ભરતકુમાર ગોવિંદભાઈ રબારી | રૂ.૨૫,૦૦૦/– |
| ૯ | કમલેશ આશાભાઈ રાણા | રૂ.૨૫,૦૦૦/– |
| ૧૦ | જયેશ બંસીભાઈ વાઘરી | રૂ.૨૫,૦૦૦/– |
| ૧૧ | શૈલેષ ગણપતભાઈ ગોસ્વામી | રૂ.૨૫,૦૦૦/– |
| ૧૨ | શબ્બીરભાઈ કાલુભાઈ મલેક | રૂ.૧૨,૦૦૦/– |
| ૧૩ | કમલેશ મનુભાઈ પટેલ | રૂ.૧૨,૦૦૦/– |
| ૧૪ | કલ્પેશકુમાર કનુભાઈ વાઘરી | રૂ.૨૫,૦૦૦/– |
| ૧૫ | ચિરાગભાઈ મનુભાઈ ગરાસીયા | રૂ.૧૦,૦૦૦/– |

**લાઈટ વિભાગ**

| અ.નં. | કર્મચારીનું નામ | નવો માસિક ઉચ્ચક ફિક્સ પગાર |
|---|---|---|
| ૧ | શૈલેશભાઈ ડાહયાભાઈ શાહ (લાઈટ વિભાગ, ફાયર વિભાગ) | રૂ.૨૫,૦૦૦/– |
| ૨ | યોગેશકુમાર સનમુખલાલ શાહ (લાઈટ વિભાગ) | રૂ.૧૨,૦૦૦/– |

## ગાર્ડન વિભાગ

| અ.નં. | કર્મચારીનું નામ | નવો માસિક ઉચ્ચક ફિકસ પગાર |
|---|---|---|
| ૧ | રામાભાઈ શનાભાઈ વાઘેલા | રૂા.૧૨,૦૦૦/– |
| ૨ | પ્રવિણભાઈ ભીખાભાઈ વાઘરી | રૂા.૧૦,૦૦૦/– |
| ૩ | હર્ષદભાઈ સોમાભાઈ વાલ્મીક | રૂા.૧૦,૦૦૦/– |
| ૪ | દેવેશકુમાર નવીનભાઈ વાલ્મીક | રૂા.૧૦,૦૦૦/– |
| ૫ | વર્ષેશકુમાર પિયુશભાઈ ખલાસી | રૂા.૧૦,૦૦૦/– |

આ ઉપર જણાવેલ શરતોમાં સુધારો અથવા ગમે તે સમયે વધારો કરવામાં આવશે તેમજ જરૂરી તેમજ બીજી કોઈપણ નવી શરત ઉમેરવાની થાય તો તે તમામની આગળની ઘટતી કાર્યવાહી કરવા સહીતની તમામ સત્તા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને આપવામાં આવે છે અને તેઓનો નિર્ણય આખરી ગણાશે અને તે તમામને બંધનકર્તા રહેશે.

સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા
સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા
સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય
સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી
સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# <u>ખંભાત નગરપાલિકા ,ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૫</u>
## <u>તારીખ.૧૫–૦૯–૨૦૨૫</u>

**આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકામાં મિકેનીકલ આસિસ્ટન્ટની જગ્યા પર એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૯૨ / તારીખ.૨૩–૧૨–૨૦૨૧૬ થી શ્રી બિરેન્દ્રસિંહ ચંદ્રસિંહને તારીખ.૦૧–૧૧–૨૦૧૬ થી નવી નિમણુંક પુનઃકરવામાં ન આવે ત્યાં સુધી રાખવા ઠરાવેલ તથા પ્રમુખશ્રીના હુકમ તારીખ.૦૧–૦૮–૨૦૨૦ થી સરકારશ્રીના નિયમો મુજબ રૂા.૧૯,૯૫૦/– ફિકસ પગારથી રાખેલ. ત્યાર બાદ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૯૭ / તારીખ.૧૫–૦૨–૨૦૨૪ થી તેઓનો પગાર રૂા.૨૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રેવીસ હજાર પુરા) થી રાખેલ. જેઓને તારીખ.૦૧–૧૧–૨૦૨૫ થી ફીકસ પગાર રૂપિયા ૨૫,૦૦૦/– થી કરવા ઠરાવવામાં આવે છે.**

**સહિ.રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહિ.મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહિ.કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહિ.નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહિ.શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય**
**સહિ.સોનલબેન નિતિનભાઈ જોષી**
**સહિ.નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહિ.રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહિ.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**